જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨/૬/૨૦૧૪ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૪૩૨/૧૪**

**ક્રાઇમબ્રાંચ :-**

અમદાવાદ શહેર ક્રાઇમબ્રાન્ચના જેસીપીશ્રી એ.કે.શર્મા તથા ડીસીપી શ્રી હિમાંશુ શુક્લ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમબ્રાન્ચ તથા એ.સી.પી. શ્રી સાયબર ક્રાઇમસેલ ક્રાઇમબ્રાન્ચ અમદાવાદ નાઓએ ધાડ લુંટના ગુનાઓ શોધવા સારુ આપેલ સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી કિરણ પટેલની ટીમના પો.સબ.ઇન્સ.રાજેશ સુવેરા નાઓ સ્કોડના માણસો સાથે પેટ્રોલીંગમા હતાં દરમ્યાન વિશાલા સર્કલ પાસેથી એક ઈસમ નામે રાજેશ ઉર્ફે જીતુ S/O ચીમનભાઇ તળશીભાઇ તળપદા (દેવીપુંજક) ઉવ.૩૫ ધંધો પેડલ રીક્ષા હાલ રહેવાસી સનાથળચોકડી, ટોલટેક્ષ પાસે ખુલ્લા મેદાનમાં, ચાંગોદર જી.અમદાવાદ મુળ રહે.નવજીવન પ્રેસની સામે રેલ્વે પાટાની બાજુમાં ઇન્કમટેક્ષ ચાર રસ્તા પાસે નારણપુરા અમદાવાદ શહેર.મુળવતન ગામપાળીયાદ તા.બોટાદ જિલ્લો ભાવનગર નાને એક છરી સાથે પકડી પાડી તેના વિરુધ્ધમાં ડી.સી.બી.સેકન્ડ ગુ.ર.નં.૩૦૬૦/૨૦૧૪ જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ ગુનો દાખલ કરેલ છે.

સદરહું આરોપીની ઘનિષ્ઠ પુછપરછ કરતાં તેણે જણાવેલ કે ઇશ્વર ઉર્ફે માલીયો ચીખલીયા જે મુંબઇ ખાતે રહે છે અને ફુગ્ગા વેચવાનો ધંધો કરે છે તે તેની સાળી રાધા જેસોજીત્રા ખાતે રહે છે તેનેઆજથી ત્રણેક માસ અગાઉ ભગાડી મુંબઇ જતો રહેલ હતો જે બાબતે આ રાધાનાં કુટુંબીજનો તેમજ સગાંવહાલાંઓને મનદુખ હોય સમાધાન કરવા માટે આ ઈશ્વર ઉર્ફે માલીયો તથા રાધાને સમજાવી મુંબઈથી સોજીત્રા ખાતે બોલાવેલ જેથી તેઓ બંને જણાં સોજીત્રા મુકામે આવેલાં અને તા.૧૦/૫/૨૦૧૪ ના રોજ તેનાં કુટુંબીજનો તથા સગાં સંબંધીઓને ભેગાં કરેલ આ વખતે આ છરી સાથે પકડાયેલ રાજેશ ઉર્ફે જીતુ પણ ત્યાં ગયેલો અને સમાજના માણસો વચ્ચે સમાધાનની વાતચીત ચાલતી હતી તે દરમ્યાન ઇશ્વર ઉર્ફે માલીયો ઉશ્કેરાઈ ગયેલ અને ગાળો બોલવા લાગેલ જેથી તેની સાથે મુંબઈ ખાતે રહેતો તેનો મિત્ર મનોજ મનજીભાઇ ચીખલીયા ગામ ભીમળાદ તા.બોટાદ જિલ્લો.ભાવનગરનો પણ ઉશ્કેરાઈ ગયેલો અને બંને વચ્ચે ઝપાઝપી થતાં રાજેશ ઉર્ફે જીતુ પણ તેને મારવા લાગેલ અને ઈશ્વરને પકડી લીધેલ આ દરમ્યાન બીજા માણસો પણ તેને ગડદાપાટુનો માર મારવા લાગેલ આ દરમ્યાન મનોજ ચીખલીયાએ ઈશ્વર ઉર્ફે માલીયાને છાતીના ભાગે ચપ્પું મારી દીધેલ જેથી તેને લોહી નીકળવા લાગેલ અને તે નીચે પડી જતાં બધા ત્યાંથી ભાગી ગયેલ અને ઈશ્વર ઉર્ફે માલીયાને ઈજા થયેલ હોય બીજા માણસો તેને સારવાર માટે તારાપુર સરકારી હોસ્પિટલમાં લઈ ગયેલ જ્યાં તેનું સારવાર દરમ્યાન મોત થયેલ આ વખતે આ મરનાર ઈશ્વરને ચપ્પુ મારનાર મનોજની માતા ચંપાબેને હોસ્પિટલમાં જઈ મરનાર ઈશ્વર ઉર્ફે માલીયાની માતા હોવાનું અને તેને રેલ્વે ટ્રેક પરથી પસાર થતાં અકસ્માતે પડી જતાં તેને છાતીના ભાગે ખીલો વાગતાં તેનું મોત થયેલાની ખોટી હકીકત જણાવી ખુનના ગુનાને અકસ્માતમોતમાં ખપાવી દીધેલ અને આ બાબતે સોજીત્રા પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોત દાખલ થયેલ છે. પરંતુ સદરી પકડાયેલ આરોપી રાજેશ ઉર્ફે જીતુ S/O ચીમનભાઇ તળશીભાઇ તળપદાની ઝીણવટપુર્વક તપાસ પુછપરછ કરી સત્ય હકીકત બહાર લાવી આ ખુનના ગુનાનો ભેદ ઉકેલવામાં ક્રાઇમબ્રાંચને સફળતા સોંપડેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.